સત્યમેવ જયતે

**આંક :-_____**

GJJN020008062026

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ : | | | ૧૯/૦૨/૨૦૨૬. | | | |
| કેસ દાખલ તારીખ : | | | ૧૯/૦૨/૨૦૨૬. | | | |
| કેસ નિર્ણિત તારીખ : | | | ૨૯/૦૭/૨૦૨૬. | | | |
| અવધિ | ૦૦ | વર્ષ | ૦૫ | માસ | ૧૦ | દિવસ |

**<u>જુનાગઢના  જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલત સમક્ષ,</u>**

**<u>મું. જુનાગઢ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૫૦૮/૨૦૨૬.</u>**

**શ્રી સરકાર**

(મુળ ફરિયાદી : ભાવસિંહ સાર્દુલસિંહ સીસોદીયા પો.કોન્સ.)

(જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર

નંબર : ૧૧૨૦૩૦૨૫૨૫૦૯૦૫/૨૦૨૫) **<u>– ફરિયાદી.</u>**

**<u>વિરૂધ્ધ.</u>**

**ભરતભાઈ ભુપતભાઈ ડાભી**

ઉ.વ.આ. ૩૪,

રહેવાસી : આંબલીયા ગામ, પ્લોટ વિસ્તારમાં, જુનાગઢ. **<u>– આરોપી.</u>**

ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,જુનાગઢ.

**આરોપ :–** ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ).

---

| | | |
|---|---|---|
| ફરિયાદ પક્ષ તરફે | :– | વિધવાન સરકારી વકિલશ્રી ડી.બી.પંચાલ |
| આરોપી તરફે | :– | વિધવાન વકીલશ્રી એમ.બી. સમા |

---

**–:: ચુ કા દો ::–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૧૭/૧૨/૨૦૨૫ નારોજ કલાક ૧૬/૦૦ વાગ્યે આ કામના આરોપીનાઓ આંબલીયા ગામ આરોપીના રહેણાંક મકાનની બહાર ડેલા પાસે ખુલી જગ્યામાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પ્લાસ્ટીકના સફેદ બાચકામાં દેશી પીવાનો દારૂ ભરેલ પોલીથીનની નાની નાની કોથળીઓ નં.૨૨ જે દેશી દારૂ આશરે લીટર ૩ કિં.રૂ.૬૦૦/– ના પ્રોહી મુદામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કરી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) નો ગુન્હો કરેલ છે.

(૨) સદરહુ ગુન્હાની ફરિયાદ ફરિયાદીએ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં આપતા, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે તેઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા, તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક–૪ થી તહોમતનામું ફરમાવી આંક–૫ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા, આરોપીઓ સામેના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ

ચલાવવામાં આવેલ.

(૪) સદરહુ ગુન્હાઓનાં આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| (૧) | પંચસાહેદ આર્યન યુનુસભાઈ હેબાની સોગંદ પરની જુબાની | **૦૭** |
| (૨) | પંચસાહેદ મનસુખભાઈ ડાયાભાઈ વાલવાની સોગંદ પરની જુબાની | **૦૯** |
| (૩) | ફરીયાદી ભાવસિંહ શાર્દુલસિંહ સીસોદીયાની સોગંદ પરની જુબાની | **૧૦** |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચનામું | ૦૮ |
| (૨) | રીપોર્ટ અને ફરીયાદ | ૧૧ અને ૧૨ |
| (૩) | પ્રથમ માહિતી અહેવાલ | ૧૩ |
| (૪) | ડેપ્યુટ હુકમ | ૧૪ |
| (૫) | ઈ સાક્ષીની કામગીરી | ૧૫ |
| (૬) | સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલેલ રવાનગી પત્ર અને સેમ્પલ મળ્યાની પાવતી | ૧૬ અને ૧૭ |

(૫) ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જણાવેલ છે. રજૂ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ−૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે, આ કામે રજુ થયેલ પુરાવા તેમના અથવા તો તેમના વિદવાન વકીલશ્રીના રૂબરૂમાં લેવામાં આવેલ છે. આરોપીએ, ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદન નિર્દોષ છે તેઓની સામે ખોટો કેસ કરેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદ પક્ષે સરકારી વિધવાન વકીલશ્રી અને આરોપી તરફે વિધવાન વકીલશ્રી નાઓની મૌખિક દલીલો સાંભળી. સરકારી વિધવાન વકીલશ્રી ની દલીલ એવી છે કે ફરીયાદપક્ષે આરોપી સમક્ષ આક્ષેપીત ગુનાઓનો વાજબી શંકાથી પર પુરવાર કરેલ છે, જયારે આરોપી તરફે વિધવાન વકીલશ્રી એ રજુઆત કરેલ કે ફરીયાદપક્ષ આરોપી સામે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે અને તેઓના કેસ માં શંકા ઉત્પન્ન થયેલ છે.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, ગઈ તા. ૧૭/૧૨/૨૦૨૫ નારોજ કલાક ૧૬/૦૦ વાગ્યે આ કામના આરોપીનાઓ આંબલીયા ગામ આરોપીના રહેણાંક મકાનની બહાર ડેલા પાસે ખુલી જગ્યામાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પ્લાસ્ટીકના સફેદ બાચકામાં દેશી પીવાનો દારૂ ભરેલ પોલીથીનની નાની નાની કોથળીઓ નં.૨૨ જે દેશી દારૂ આશરે લીટર ૩ કિં.રૂ.૬૦૦/− ના પ્રોહી મુદામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કરી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ−૬૫(એ)(એ) નો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **નકારમાં.**

મુદા નં.(૨) : **આખરી હુકમ મુજબ.**

(૯) <u>**કાયદાકીય બિંદુઓના અનુધાને રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન અને કારણો**</u>

**(૯.૧)** ફરીયાદ પક્ષ તરફે મુદામાલ કબજે કરી આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ આર્યન યુનુસભાઈ હેબાને આંક–૦૭ થી તથા પંચ સાહેદ મનસુખભાઈ ડાયાભાઈ વાલવાને આંક–૦૯ થી તપાસેલ છે. સદરહુ પંચ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તા.૧૭/૧૨/૨૦૨૫ નારોજ તૈયાર લખેલા પંચનામામાં રસ્તામાં તેઓની સહી લીધેલી અને પંચનામાની હકીકત તેઓને ખબર નથી.

**(૯.૨)** ત્યારબાદ, ફરીયાદ પક્ષે આંક–૧૦ થી ફરીયાદી ભાવસિંહ શાર્દુલસિંહ સીસોદીયા ને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૭/૧૨/૨૦૨૫ ના રોજ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં પી.સી. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓ તેમજ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આંબલીયા ગામ પાસે આવતા બાતમી મળેલ કે ત્યાં રહેતો ભરત ભુપત પોતાના મકાને દેશી દારૂનુ વેચાણ કરતો હોય જેથી ત્યાં એક ઈસમ બાચકામાં કોથળી નંગ ૨૨ લીટર ૩ કિં.રૂ. ૬૦૦/– નો મળી આવેલ જે પોલીસ સ્ટેશનમાં લાવી પંચો રૂબરૂ પંચનામાની વિગતે સેમ્પલ લઈ કબજે લેવામાં આવેલ અને આરોપીને અટક કરવામાં આવેલ અને તેઓએ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુધ્ધ પ્રોહી કલમ ૬૫ એ એ મુજબનો ગુનો રજીસ્ટર કરવા રીપોર્ટ સાથે ફરીયાદ આપેલી, જેમા તેઓની તેમજ તેઓના સાથી પોલીસ

અધિકારીની સહીઓ છે. તેઓની ફરીયાદ અન્વયે પોલીસ સ્ટેશનમાં ગુ.રજી. નં. ૯૦૫/૨૫ થી પી.એસ.ઓ.એ ગુનો રજીસ્ટર કરેલ તેમજ આ ગુનાની તપાસ શ્રી એસ.આર.વાછાણીનાઓને પી.એસ.ઓ.એ સોંપેલ અને આ કામે ઈ સાક્ષીની કામગીરી કરવામાં આવેલી. સદરહુ મુદામાલ સેમ્પલ તેઓએ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ જે રવાનગી પત્ર અને સેમ્પલ મળ્યાની પાવતી રજુ કરે છે.

સદરહું ફરીયાદીની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે. વધુમાં સ્વીકારેલ છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી અને ફરીયાદમાં પેટ્રોલીંગમાં કયા વાહનમાં ગયેલા તેની વિગત જણાવેલ નથી. આ સિવાય, વધુમાં સ્વીકારેલ છે કે બનાવસ્થળે પંચનામુ કરવામાં આવેલ નહી. આ સિવાય, સ્વીકારેલ કે આરોપીના રહેણાકનો આધાર પુરાવો રજુ રાખેલ નથી.

**<u>રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન</u>**

**(૧૦)** રેકોર્ડ ઉપર આવેલ મૌખીક અને લેખીત દસ્તાવેજનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસ મુજબ સદરહું કહેવાતા ગેરકાયદેસરના મુદામાલને આરોપીનાઓ પાસેથી પંચોની હાજરીમાં કબજે કરેલ છે જયારે આંક–૦૭ અને ૦૯ થી તપાસવામાં આવેલ પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓએ જણાવેલ કે, તેઓને પંચનામા વિશે કોઈ માહિતી નથી. આ સિવાય, તે પણ નોંધનીય છે કે, ફરીયાદપક્ષનાઓ થકી આ કામે ઈ સાક્ષ્યની પ્રતિ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે જે ઈ સાક્ષ્ય પણ અત્રેની કોર્ટે ધ્યાને લીધેલ છે. સદરહુ ઈ–પુરાવામાં કહેવાતા મુદામાલને એફ.એસ.એલ. ખાતે મોકલવા સારૂ પંચો રૂબરૂ સીલ બંધ કરેલ હોય તેવુ પણ જણાય આવેલ નથી. સદરહુ ઈ–પુરાવા ધ્યાને લેતા સદરહુ ઈ–પુરાવા અધુરુ હોવાનુ પ્રાથમિક દ્રષ્ટિએ જણાય આવેલ છે. વધુમાં, તે પણ નોંધપાત્ર છે કે સદરહુ ઈ સાક્ષીની કામગીરી જે તે બનાવવાળી જગ્યા પર કરવામાં આવેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી. આમ, સદરહુ ઈ–પુરાવા શંકાસ્પદ

જણાય આવે છે. આ સિવાય તે પણ નોંધનીય છે કે ફરીયાદપક્ષનાઓના કેસ મુજબ આ કામના આરોપીનાઓના મકાનમાંથી સદરહુ કહેવાતા મુદામાલ મળી આવેલ છે પરંતુ આ કામના આરોપીનાઓએ સદરહુ મિલકતથી કઈ રીતે સંકળાયેલ છે તેવા કોઈ પુરાવા ફરીયાદપક્ષનાઓ થકી રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં, આ કામે ફરીયાદપક્ષનાઓના કેસ મુજબ સદરહુ પ્ર તિબંધીત મુદામાલને એફ.એસ.એલ. ખાતે મોકલાવેલ છે પરંતુ નોંધપાત્ર છે કે આવી કોઈ એફ.એસ.એલ.ની રીપોર્ટ પણ આ કામે ફરીયાદપક્ષનાઓ થકી રજુ રાખવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓને ધ્યાને લેવામાં આવેતો ફરીયાદ પક્ષના કેસની મહત્વપુર્ણ અને અગત્યની વિગતોમાં વિસંગતતા અને નોંધપાત્ર શંકા જણાય આવે છે. ફરીયાદ પક્ષના કેસમાં જયારે નોંધપાત્ર શંકા જણાય આવતી હોય તો તેવા સંજોગોમાં તેનો લાભ આરોપી પક્ષને મળવા પાત્ર રહે છે. આમ, ફરીયાદ પક્ષનાઓ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં અસફળ નિવળેલ હોય મુદા નં.૧ નો જવાબ **નકારમાં** આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી ભરતભાઈ ભુપતભાઈ ડાભી રહેવાસી જુનાગઢ વાળાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ મુજબ રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજૂ કરવાનો આદેશ આપવામાં આવે છે.

(૩) આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ કહેવાતા ગેરકાયદેસરનો મુદામાલ

દારૂને અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું મુદામાલ સંદર્ભે થયેલ હુકમની જાણ નામદાર ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીને કરવી.

આ હુકમ આજ તારીખ **૨૯** <u>મી</u> માહે **જુલાઈ**, સને <u>૨૦૨૬</u> ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જુનાગઢ,
તારીખ : ૨૯/૦૭/૨૦૨૬.

**(કર્ણ અજીત મારવાહા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01558)